વાર્ષિક લવાજમ રૂા. ૫૦
રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૧૦ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જુલાઈ ૬, ૨૦૨૦

# પીડ પરાઈ જાણે રે...

(સેવાનું ચાલકબળ તે સેવાનાં આગેવાનો. કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિ આવી પડી અને તેમાં આગેવાનોની ભૂમિકા ખૂબ મહત્વની રહી. આ કેવા પ્રકારનો રોગ ? તેના ઉપાયો શું ? કોઈની પાસે આ સવાલોના જવાબ ન હતા. ત્યારે સંગઠનની તાકાતથી સભ્યોની તકલીફો ઓછી થાય, ઉકેલ આવે કે ઉકેલ ન આવે પણ મુશ્કેલીના સમયે સભ્યોની પડખે ઊભા રહેવું તે જ સેવાના આગેવાનોની લાક્ષણિકતા છે. આ આગેવાનોની તાકાતથી આવી પડેલ મહામારીમાં થોડા ઘણા શીતળ જળનાં છંટકાવથી શાંતિનો અનુભવ કરાવનાર સેવાના આગેવાનોને સલામ... આ અંક સેવાના આગેવાનો કે જે કોરોનાથી ડર્યા વગર, પોતાની પરવા કર્યા વગર સતત વિસ્તારો-ગામોમાં રહીને કોરોના સામે ઝઝુમીને સભ્યોની પડખે ઊભા રહી જે કામગીરી બજાવી છે તે અંગેનો છે. આ વખતે તેમના કુટુંબીજનોનો પણ આભાર માનું છું. જેમને સતત ચિંતા-ભય તેમની મા-બહેન-ભાભી માટેનો રહ્યો છે કારણ કે તેમણે માથું મૂકીને સતત આવા ભયગ્રસ્ત વાતાવરણમાં કામ કર્યા કર્યું છે. આ અંક આવા થોડા આગેવાનોની વાત કરે છે પણ આવા હજારો સેવાના આગેવાનો કે જે કોઈપણ પ્રકારની આશા વગર સંગઠનને મજબૂત કર્યા જ કરે છે તેમને પણ સલામ છે. આવી હજારો 'Her Story' (હર સ્ટોરી) સેવા સંગઠનમાં ધરબાયેલી છે. તેમાંની આ અંકમાં લીધેલી એકેએક 'Her Story'થી સેવા બની છે... જય સેવા !! – **મનાલી**)

## આશાની કેડી... પાર્વતીબહેન

મારું કામ એક દિ નવી કેડી કંડારશે... આ શબ્દો છે સેવાના કારોબારી કમિટીના સભ્ય તથા બાંધકામ કામદાર પાર્વતીબહેનના જેમણે કોરોના મહામારી દરમિયાન પોતાના કામ વિશે કંઈક આમ જણાવ્યું.

જ્યારે કોરોનાનું પહેલીવાર નામ સાંભળ્યું અને રોગ વિશેની વાતો વહેવા માંડી ત્યારે 'સેવા'ની બહેનોના મનમાં ખૂબ જ મુંઝવણ અને ગભરાટનું મોજું ફરી વળ્યું. પાર્વતીબહેનને બીજી સભ્ય બહેનોની લાચારી અને રોગ સામે ટકી રહીને ઝઝૂમવાની ચિંતા અનુભવાઈ. 'આ કેવા પ્રકારનો રોગ છે ? શું અમે બધા ટકી શકીશું ? શું અમારા કુટુંબીજનો સાજા-સરવા રહેશે ?' આવા અગણિત પ્રશ્નો બહેનોના મનમાં સતત ફર્યા કરતાં. આ લૉકડાઉનની સૌથી માઠી અસર

જેમના ઉપર થઈ હોય તો તેમાં ખાસ બાંધકામ કામદારોને ગણી શકાય કારણ કે આ બધા જ રોજેરોજ મજૂરી કરીને ખાનારા છે એટલે એમની પાસે ખૂબ ઓછું રાશન અને બચત હોય છે. વળી આવનારા દિવસોમાં ખોરાક કે રોજગાર મળશે નહિ એની કોઈ ખાતરી નહોતી અને આવી કપરી પરિસ્થિતિમાં પણ રાશનની દુકાનવાળા કે જેમણે સરકારી યોજના મુજબ મફત રાશન પૂરું પાડવું જોઈએ તેમની મેલી મુલાદ જોઈ શકાઈ. પાર્વતીબહેને ખૂબ જ વ્યગ્ર થઈને કહ્યું, 'કેટલાંક લાલચુ દુકાનદારો આ વિકટ પરિસ્થિતિમાં પણ પોતાના સ્વાર્થવૃત્તિને સૌથી ગરીબ લોકોના ભોગે પોષવા માંગતા હતાં.'

કેટલાક રાશનવાળાઓ આપણા સભ્યોને રાશન આપવાની આનાકાની કરતા હતા. અને પછી આપણી બહેનોએ મને અને બીજા આગેવાનોને આ અંગે જાણ કરી. સરકારી યોજના વિશે સમજાવવા છતાં દુકાનદારો પોતાની વાતને અડી રહ્યા. અંતે કોઈ રસ્તો ના જડતા પાર્વતીબહેને સેવાની જે બહેનો રાશનની દુકાનની બહાર લાઇનમાં ઊભી હતી તેમના ફોટા પાડી લીધા અને દુકાનદાર સામે ઑનલાઇન પિટિશન કરી. તેમનું માનવું છે કે સેવાની ઑનલાઇન પિટિશન કેવી રીતે કરવી તેની તાલીમને કારણે જ તેઓ આ કામને સરળતાથી કરી શક્યા. થોડીક જ વારમાં સરકારી અધિકારી ત્યાં આવી ગયા અને દુકાનદારનું લાયસન્સ રદ્દ કરવાની ચેતવણી આપી. ત્યારબાદ આપણી ૪૫ એ.પી.એલ. કાર્ડધારક સભ્યોને કોઈપણ માથાકૂટ વગર રાશન મળ્યું.

સરકારની મફત રાશન વિતરણની યોજના સારી એવી મદદરૂપ નીવડી છે પણ ઘર ચલાવવા માટે અપૂરતી છે. આ અંગે ઘણી બહેનોએ પાર્વતીબહેનને પોતાની મનની વાત કરી. ૧૭૦૦ લોકોનો આ અંગે સર્વે થયો હતો. એટલે પાર્વતીબહેને આ કુટુંબોની મુશ્કેલીઓ ઓછી કરવા કંઈક આવો રસ્તો કર્યો. તેમણે પોતાના વિસ્તારનાં વેપારીઓ, હાલના કોર્પોરેટર તથા જૂના કોર્પોરેટરોને રાશન અને જીવનજરૂરિયાતની વસ્તુઓ દાનમાં આપવા માટે અરજ કરી. 'તમારી પાસે તો ઉપરવાળાની કૃપાથી ઘણું છે પણ કેટલાય એવા છે જેમને બે છેડા ભાગા કરતાં આંખે પાણી આવી જાય છે, તમારી મદદ ઘણાંને જીવવાનો મારગ મોકળો કરી દેશે...'

પાર્વતીબહેના શબ્દો અને મહેનતના સરવાળે મૂળભૂત જરૂરિયાતની વસ્તુઓ જેવી કે તેલ, ચા પત્તી, નહાવાના સાબુ કે જે રાશનની દુકાનતી નથી મળતી તેનું લગભગ ૨૫૦૦ કુટુંબોમાં વિતરણ કરવામાં આવ્યું. વળી સાથેસાતે જેમના ઘરમાં કશું જ નહોતું તેમની પરખ કરી બે ટાઇમ તૈયાર ભોજન આપવામાં આવ્યું. પાર્વતીબહેન આ કપરી પરિસ્થિતિમાં કે જ્યારે બહેનોએ એમની ખૂબ જરૂર હતી ત્યારે સતત તેમની પડખે ઊભા રહ્યા, અને ત્યારબાદ કહેવા લાગ્યા કે 'હજુ પણ વધુને વધુ આવા કામ કરવા અને જે પડકારો આવે તે ઝીલવા હું તૈયાર છું.'

જ્યારે એમના વિસ્તારમાં કોરોનાનાં કેસની સંખ્યા ખૂબ વધી ગઈ અને તેને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની સહાયથી તેમણે ૫ થી ૭ હજાર ઘરોને સફળતાપૂર્વક સેનીટાઇઝ કરાવ્યાઅને આ સિવાય લોકોમાં દવાઓ વહેંચવાનું, શરીરનું તાપમાન માપવાનું અને ફ્લુ જેવા લક્ષણો સામે લડવા માટે લોકોને આયુર્વેદિક ઉકાળા આપવાની પણ ઝુંબેશ ઉપાડી. બહેનોના તેમની ઉપરના વિશ્વાસને આધારે જ પાર્વતીબહેને લોકોને તબીબી સહાય અને સેનીટાઇઝેશનની સુવિધા પહોંચાડવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનને મદદ કરવાનું શરૂ કર્યું. કોર્પોરેશનનો આભાર.

આ રોગના ભયને લીધે લોકો ખૂબ ડરી ગયા અને તેને કારણે માનસિક તણાવટ, ગભરાટ, ગેરસમજનું પ્રમાણ વધવા માંડ્યું. આ સમયે દવાઓની સાથે સાથે લોકોનું કાઉન્સેન્લિંગ કરવું અને સભ્યો સાથે વાતચીત કરવી ખૂબ જરૂરી છે. ઘણા સભ્યોને એવો ભય બેસી ગયો હતો કે તેમને સામાન્ય શરદી, કફ અને તાવ માટે પણ જ્યાં કોરોના દર્દીઓની સારવાર થાય છે તે હૉસ્પિટલોમાં ધકેલી દેવામાં આવશે.

પાર્વતીબહેનના કહેવા પ્રમાણે લોકોમાં સૌથી મોટી ગેરસમજ એ હતી કે 'જો તેઓ ડૉક્ટરને પોતાના આરોગ્યના પ્રશ્નો વિશે જાણ કરશે તો તેઓ તરત તેમને કોરોના હૉસ્પિટલમાં લઈ જશે અને તેઓ ક્યારેય પોતાના કુટુંબ પાસે પાછા નહીં આવી શકે.' અને એટલે જ આ ગેરસમજ અને મનના ભયને દૂર કરવા તેમણે કેટલીક કાઉન્સેન્લિંગની મીટીંગો કરી. પાર્વતીબહેને તેમના ઘર નજીક રહેતા નર્મદાબહેનની વાત માંડીને કહ્યું કે, નર્મદાબહેનની તબિયત એકાદ અઠવાડિયાથી નરમ હતી તેમણે યુ.સી.ડી. કેન્દ્રની બહેનોને આ અંગે જાણ કરી તેથી તેમને પાંચ દિવસ માટે પેરાસીટામોલ આપવામાં આવી. પણ પાંચ દિવસ દવા લીધા પછી પણ તેમનો તાવ ઊતર્યો નહિ. આ સાંભળીને પાર્વતીબહેન તેમના ઘરે દોડ્યા. યોગ્ય અંતર જાળવીને તેમણે નર્મદાબહેન અને તેમના કુટુંબીજનોને કોરોનાનો ટેસ્ટ કરાવવા માટે સમજાવ્યા. તેમનું કુટુંબ ખૂબ જ ડરેલું હતું એટલે તેમને જો કોરોના પોઝિટિવ આવે તો યોગ્ય તબીબી સહાય અને સવલતો મળશે તેની તેમણે ખાતરી આપવી. પાર્વતીબહેને

૧૦૮ને ફોન કર્યો અને પછી એમ્બ્યુલન્સ આવી નર્મદાબહેન તથા તેમના કુટુંબીજનોને હૉસ્પિટલમાં લઈ ગઈ જ્યાં તે બધાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો.

આ જ રીતે સરળ ભાષામાં તેઓ લોકો સાથે માસ્ક પહેરવાની અગત્યતા, સેનીટાઇઝેશન, ચોખ્ખા કપડા, એકબીજાથી યોગ્ય અંતર રાખવા વિશેની વ્યવસ્થિત સમજ આપતા રહ્યાં. અને જે લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે અથવા જેમને કોરોના થયો હતો અને હવે હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ ગયા છે તેની સાથે પણ લાગણીથી લોકોએ વર્તવું જોઈએ તેમ સમજાવતા રહ્યાં.

તેમના ઘરની આસપાસ રહેતી 'સેવા'ની કેટલીક બહેનો કે જેમની તબિયત સારી નહોતી તેમના માટે પાર્વતીબહેને પોતે ૧૦૮ ઉપર ફોન કર્યો અને હૉસ્પિટલ લઈ જઈને તેમના ટેસ્ટ કરાવ્યા. જેમાંથી ઘણા પોઝિટિવ પણ આવ્યા. એમની આ ઝુંબેશથી આ વિસ્તારોના ૩૦૦૦૦ રહીશોની કોર્પોરેશનના ડૉક્ટરોએ શરદી, ખાંસી, વાયરલ ફ્લુ જેવી સામાન્ય બીમારીઓની પણ દવા કરી.

પાર્વતીબહેન જે રીતે અડગ રહીને કામ કરી શક્યા તેનું બધું શ્રેય 'સેવા'નાં તનાવ ટ્રેનિંગ પ્રોગ્રામને આપે છે કે જેના કારણે ઊભી થયેલી સમજથી આ કપરી પરિસ્થિતિમાં પણ ખૂબ શાંતચિત્તે તાણ અનુભવ્યા વગર કામ કરી શક્યા.

બીજા કેટલાક અગત્યના પ્રશ્નોમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતી બહેનો માટે કોરોના સામે બચવા માસ્ક અને સેનીટાઇઝરનો રોજિંદો ઉપયોગ પરવડી શકે નહિ તે હતો. એમના મતે 'બાંધકામ ક્ષેત્રે કામ કરતી બહેનો આમ પણ આર્થિક રીતે ખૂબ નીચોવાઈ ગયેલી છે અને એમાં પણ સેનીટાઇઝર અને માસ્કનો વધારાનો ખર્ચો તેમના માટે આકરો છે.' તેમણે અર્બન હેલ્થ સેન્ટરને તેમના વિસ્તારમાં સેનિટાઈઝેશનની કિટ્સ વહેંચવાની વિનંતી કરી કારણ કે મોટા ભાગનાને તે પરવડે તેમ નહોતી. અને તેમણે અર્બન હેલ્થ સેન્ટર દ્વારા માસ્ક, સેનીટાઇઝર અને સાબુની ૭૦૦ કિટ્સ પોતાના વિસ્તારમાં વ્હેંચાવડાવી.

બાંધકામ ક્ષેત્રમાં કામ કરતી બહેનો સામે રોજેરોજ બહુ મોટા પડકારો છે કારણકે એક સાઇટ ઉપર હાલમાં પહેલાની સરખામણીએ ખૂબ જ ઓછા કામદારોને કામ કરવા રાખવાની છૂટ છે તેથી કેટલીય બાંધકામ ક્ષેત્રની કુશળ કારીગર બહેનો પાસે કામ નથી. તેઓ ધાગા કટિંગ, સ્ટોન લગાડવા જેવા ઘરે બેસીને કરવાના છૂટક કામ કરે છે જે હાલમાં પણ ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે આમાંની મોટાભાગની બહેનો તેમના ઘરમાં અને જિંદગીમાં સામાન્ય પરિસ્થિતિ સર્જાય અને પાછા કામે વળગે તેની રાહ જોઈ રહી છે.

આ દરમિયાન કેટલીક બહેનોને અને તેમની દીકરીઓને માસ્ક સિવવાનું કામ પણ મળ્યું કે જેની અત્યારે મોટા પાયે માંગ છે. તેમને એક ડઝન માસ્ક બનાવવાના દસ રૂપિયા મળે છે પરંતુ કેટલાક એવા કુટુંબો છે કે જેમની પાસે સિલાઈ મશીન હોવાથી રોજના ૫૦૦ માસ્ક બનાવી શકે છે એટલે જેમની પાસે મશીન નથી તે લોકો વધુ માત્રામાં માસ્ક નહી બનાવી શકતા હોવાથી ખૂબ ઓછું કમાય છે. વળી જેમ ધીરે ધીરે લૉક ડાઉન ઓછું કરવા માંડ્યું તેમતેમ સિલાઈ કામદારો પણ શહેરમાં પાછા પોતાના કામે આવી ગયા અને બહેનોને મળેલું માસ્ક સિવવાનું કામ એમની પાસેથી જતું રહ્યું. પાર્વતીબહેનનું માનવું છે કે, 'જો સરકાર સિલાઈ મશીનનું વિતરણ કરે તો તેને કારણે આ પરિસ્થિતિમાં કામદારોને કાયમનો આર્થિક ટેકો મળે તેવી એક યોજના બનાવે. આમ તો સેવા બેન્કનો પણ સાથ મેળવીએ જ છીએ.'

અત્યારની પરિસ્થિતિમાં બીજી એક અગત્યની તકલીફ એ છે કે બાંધકામના સ્થળોએ કામદારો ઉપર તેમણે લીધેલી લોનના પૈસા પરત ચૂકવવાનું સતત દબાણ કરવામાં આવે છે. સોનલબહેન કે જે એક બાંધકામ કામદાર છે અને પાર્વતીબહેનની બાજુમાં રહે છે તેમને ૩૦,૦૦૦ રૂપિયાની લોન ચૂકવવા માટે સ્થાનિક નાણાં ધીરનારના માણસો આવીને ખૂબ હેરાન કરતા હતા. કોઈ પ્રકારનો રોજગાર નહીં હોવાથી તેમની પાસે બિલકુલ પૈસા ન હતા અને એમાંય આ માણસોના દબાણથી તેમની માનસિક હાલત ખૂબ ગંભીર થઈ ગઈ હતી. પાર્વતીબહેને તેમને જણાવ્યું કે સરકારે હાલમાં આદેશ આપ્યો છે કે છ મહિના સુધી પૈસા લેનારને કોઈપણ પ્રકારની લોનને પાછી આપવા માટે દબાણ કરી શકાશે નહીં. તેમણે પૈસા પાછા ઉઘરાવવા આવનારનો ફોટો પાડી લીધો અને પોલીસને જાણ કરવાની વાત કરી એટલે તરત એ ભાઈ તેમની ગાડી લઈને નાઠા. 'સેવાની કોઈ પણ સભ્ય બહેનને આ કપરી પરિસ્થિતિમાં અન્યાય થાય તે કેમ ચાલે? મારે દિવસરાત એક કરીને તેનો હલ તો લાવવો જ રહ્યો.'

આ ઉપરાંત તેમણે કેટલાક પૈસા પડાવી પાડનારા લોકોને પણ ઝપટમાં લીધા કે જે વ્યક્તિ દીઠ ૫૦ રૂપિયા લઈ ગરીબ માણસોને પી.ડી.એસ દ્વારા અપાતી સરકારની ૧૦૦૦ રૂપિયાની સહાય માટેના ફોર્મ ભરી આપતા હતા. સેવામાં મનાલી બહેન અને રમીલા બહેનની તાલીમને કારણે તેમને બાંધકામ વેલફેર બોર્ડની યોજના વિશે જાણકારી હતી તેથી

તેઓ ઘણા સભ્યોને સરકારી યોજનાનો લાભ મળે તે માટે નોંધણી કરાવવામાં સફળ રહ્યા. તેમણે લોકો પાસેથી પૈસા પડાવનારાઓનો ફોન લઈ લીધો અને પોલીસને બોલાવવાની વાત કરી જેના કારણે ૬૦ સભ્યોને તેમના પૈસા પાછા મળ્યા અને એકપણ પૈસો વધારાનો આપ્યા વગર સરકારી યોજના માટેના ફોર્મ ભરી શક્યા.

આત્મવિશ્વાસથી ભરપૂર પાર્વતીબહેને કહ્યું કે,

'આવા લોકોને મારું સરનામું ખબર છે પણ એમનામાં હિંમત નથી કે મારી ચાલીના સભ્યોને હેરાન કરે કારણ કે એમને ખબર છે કે હું એમને એવું કરવા દઉં એવી નથી.'

સભ્યોની હાલત ખૂબ જ દયનીય છે કારણ કે હાલની પરિસ્થિતિમાં જીવનમાં બે છેડા ભેગા કરવા માટે પોતાની નાનીનાની બચતની સામે જો થોડા વધુ પૈસા મળેતો એ આશાએ તેઓ તે રકમને દાવ ઉપર લગાડવા તૈયાર થઈ જાય છે. સરકારી સહાય અંગેની ઓછી જાણકારી, ટૅક્નોલૉજીની ઓછી સમજના કારણે કેટલાંક લેભાગુઓ ગરીબોનો ફાયદો ઉઠાવી જાય છે. એક મોબાઈલ ફોન અને 'સેવા' દ્વારા અપાયેલી ટૅક્નોલૉજીની કેટલીક તાલીમના આધારે આજે પાર્વતીબહેને આત્મવિશ્વાસ સાથે સભ્યોના પ્રશ્નોને ઉકેલવાનો એક ચીલો ચાતર્યો છે.

સેવામાંથી તેમણે કેટલાંક મૂલ્યોનું ભાથું મેળવ્યું છે. બહેનો સાથેની વાતચીત, સાદગી, માનવતા, સમાનતા અને બહેનો વચ્ચે કુટુંબ જેવી લાગણીઓએ આ મુશ્કેલીભર્યા સમયમાં પાર્વતી બહેનને અસરકારક રીતે કામ કરવાની પ્રેરણા આપી છે. સેવાની તાલીમ અને દ્રઢ મનોબળ સાથે પોતાની બહેનો માટે સતત ઝઝૂમવાની તૈયારી તથા માસ્ક અને સેનીટાઇઝરથી સજ્જ પાર્વતી બહેનના વણથંભ્યા ડગલાં એ આ વિકટ પરિસ્થિતિમાં ઉજાસ પાથરે છે.

- **જાગૃતિ**

❑

# 'હું શીદને ડરું ?' અનિશાબહેન

અગરબત્તી કામદાર અનિશાબહેન સેવાનાં કારોબારીના સભ્ય છે. તેમણે કોવિડ ૧૯ મહામારીમાં પોતાના કામના અનુભવોની માંડીને વાત કરી. તેઓએ સેવાની ૧૮૦૦થી પણ વધુ બહેનોને જુદી-જુદી પ્રકારે મદદ પહોંચાડવાના અદ્દ્ભુત પ્રયત્નો કર્યા છે.

જ્યારે દેશભરમાં લોકડાઉનનો બીજો મહિનો વધારવામાં આવ્યો ત્યારે મારી બહેનો કે જે કેટલાય દિવસથી કામ વગરની હતી તેમની પાસે પૈસા સાવ ખુટી પડ્યા. પોતાના કુટુંબનું પેટ ભરવા અને બે છેડા ભેગા કરવામાં બહેનોએ ઊંચા વ્યાજે ઉછીના પૈસા લેવાનું શરૂ કર્યું તો કેટલાકે પોતાની નાનીમોટી એકાદ જણસ હતી તે પણ ગીરવે મૂકી દીધી. હું પોતે પણ એક ઘર ખાતા કામદાર હોવાથી મારી પાસે પણ એટલી આર્થિક સદ્ધરતા ન હતી કે હું બહેનોને આર્થિક ટેકો કરી શકું. મનમાં વિચાર આવ્યો કે ' સેવાનાં' એક પ્રતિનિધિ તરીકે હું બહેનોને બીજી પણ ઘણી રીતે મદદ તો કરી જ શકું છું. અને પછી મેં બધા જ છાપાઓને ચોકસાઈથી વાંચવાના શરુ કર્યા અને તેમાંથી સરકારની આ સમયે મદદરૂપ થઈ શકે તેવી યોજનાઓ વિશે માહિતી એકઠી કરી. આ યોજનાઓ અને તેના ફાયદાઓ અંગેની માહિતી હું ફોન કરીને સભ્ય બહેનોને જણાવતી, અને પછી તેમને આ માહિતી બીજી બહેનો સુધી પહોંચાડવાનું કહેતી. મેં યોજનાઓની માહિતીનું એક નાનું નેટવર્ક ઉભુ કર્યું. દાખલા તરીકે મેં ઘણી બહેનોને અન્નબ્રહ્મ યોજના, મફત રાશન વિતરણ યોજના તથા આ રાશન ક્યારે, કયા સમયે અને કયા સ્થળેથી મળશે તેની માહિતી પહોંચાડી. આ ઉપરાંત ૫૦૦ થી વધુ સભ્યોને જન ધન યોજના વિશે જાગૃત કર્યા જેને કારણે આ યોજના હેઠળ ઘણી બહેનો લૉક ડાઉન દરમિયાન ૫૦૦ રૂપિયાની સહાય મેળવી શકી.

વળી તેમના સતત પ્રયત્નોને કારણે લગભગ ૧૨૪ બહેનો માટે ઘરમાં જીવન જરૂરિયાતોની વસ્તુઓની રાશન કીટ મેળવી શકાઈ. મને જેવી કોઈ સંસ્થા કે વ્યક્તિઓ રાશન કીટ અથવા મેડિકલ કીટનું વિતરણ કરવાના છે એવી ખબર પડતી કે તરત હું જે તે વિસ્તારની સેવાની આગેવાન બહેનોને આ અંગે જાણ કરી દેતી. આ સમયે સરકારે એવી જાહેરાત કરી કે જે બહેનોએ ઉજ્વલા યોજના હેઠળ ગેસનો બાટલો મેળવ્યો હશે તેઓ અરજી કરશે તો લૉક ડાઉન દરમિયાન લીધેલા બાટલાના પૈસા પાછા મળશે. મેં આ યોજનાની માહિતી લગભગ ૫૦૦ બહેનોને પહોંચતી કરી અને તેથી તેઓ આ દરમિયાન લીધેલા ગેસના બાટલાના પૈસા પાછા મેળવી શક્યા.

એક સમય એવો આવ્યો જ્યારે અમદાવાદમાં કોરોના વાયરસના કેસ ખૂબ વધી ગયા અને શહેરના કેટલાક વિસ્તારમાં સખત કરફ્યુના અમલ માટે અર્ધલશ્કરી દળો ગોઠવાયા હતા ત્યારે ૨૫૦ જેટલા સ્થળાંતરીત કામદારોને બે ટંક ખાવાના ફાંફાં હતા. એ સમયે કામદાર મેદાનની આસપાસની ચાલીઓની સેવાની બહેનો ઘરે ઘરેથી રોટલી શાક ઉઘરાવીને આ સ્થળાંતરીત કામદારોને ખાવાનું આપતા

હતા. આ ઉપરાંત મારા વિસ્તારમાં રાત્રે ભૂખ્યા સૂઈ રહેતા ૧૫ કુટુંબો બે ટંક રોટલા ભેગા થાય તેની વ્યવસ્થા મેં સેવામાંથી કરાવી.

મારા ઘરની પાછળ પણ છ કોરોના પોઝિટિવ કેસ આવ્યા. મેં તરત જ આગેવાની લીધી અને આ કુટુંબોને કોઈ તકલીફ ન પડે તેની તકેદારી લીધી. મેં સભ્યોને ફોન કર્યો અને મળીને કહ્યું કે આપણે બધા દર્દીઓ જોડે લાગણીપૂર્વક અને કોઈપણ ભેદભાવ વગર જ વર્તવું રહ્યું. સેવાની તાલીમને લીધે હું લોકો સાથે ખૂબ સારી રીતે વાતચીત કરી શકી અને તેમને યોગ્ય માહિતી પહોંચાડી શકી. મને અહેસાસ થયો કે વિસ્તારની બહેનો સાથેના સંવાદને કારણે આ બીમારી અંગેની ગેરમાન્યતાઓ પણ દૂર થઈ. એક આગેવાન તરીકે દરેક પરિસ્થિતિઓમાં 'સેવાના' સભ્યોની પડખે ઊભા રહેવાને હું મારી ફરજ સમજું છું. ગોધરાના રમખાણોના સમયથી હું ' સેવા ' સાથે જોડાયેલી છું એ સમયે પણ હું સભ્યોને મદદ કરવામાં પાછી પડી નહોતી તો અત્યારે તો શીદને ડરૂં?

- **જાગૃતિ**

❑

# આમેય વેચનારા મૂળે જ લડવૈયા હોય છે... - જીજ્ઞાસા

જીજ્ઞાસાબહેનનો ફોન સતત વ્યસ્ત આવતો હતો. થોડા સમય પછી તેમણે માફી માંગી અને વળતો ફોન કર્યો. તેમણે કહ્યું કે તેઓ મનાલીબહેન સાથે જમાલપુર વેચનારાઓ વિશે વાત કરી રહ્યા હતા. એ.એમ.સી. દ્વારા જાણ થઈ છે કે તેઓ બ્રિજની નીચે પાર્કિંગની જગ્યા ઊભી કરવાના છે, જે ખરેખર તો રસ્તા ઉપર વેચનારાઓને ફાળવવામાં આવેલી છે. જીજ્ઞાસાબહેને આ અંગે કહ્યું, 'હું આ બાબતે કેવી રીતે ચૂપ રહી શકું ? મારે અવાજ તો ઉઠાવવો જ રહ્યો. મેં મારી રીતે એ.એમ.સી.નાં અધિકારીને ફોન કર્યો હતો તેમણે કહ્યું કે જે થાય તે પણ અમે આ જગ્યાને પાર્કિંગમાં બદલીને જ રહીશું. મને થયું કે આ ખરેખર ખોટું થઈ રહ્યું છે કારણ કે આ જગ્યા વેચનારાઓને ફાળવવામાં આવેલી છે અને તે અંગેનો કાગળ પણ અમારી પાસે છે, તેઓ આવું ન જ કરી શકે. હું આ આખી બાબત મનાલીબહેનને વિગતે ફોન ઉપર જણાવી રહી હતી.' આ વાતમાં મને વધુ રસ પડ્યો એટલે મેં એમને પૂછ્યું કે હવે આમાં સેવા શું કરી શકશે ? તો જીજ્ઞાસાબહેને મક્કમ થઈને જવાબ આપ્યો, 'હક્ક માટે લડવાનું જ ને વળી ! જે આપણે હંમેશથી કરતા જ આવ્યા છીએ... નહિતર અમને વેચનારાઓને તો કોણ સાંભળશે ?'

જીજ્ઞાસાબહેનનો અભિગમ અને જુસ્સો ખરેખર અનોખો છે કારણ કે તેઓ જે બોલે છે એ દરેક કામ પાર પાડવા પ્રયત્ન કરે છે. તેમણે સેવાના મૂલ્યોને ખરેખર પોતાનામાં ઉતાર્યા છે અને તે મૂલ્યોને આધારે વેચનારાઓ માટે ખૂબ જ દિલથી કામ કરે છે. તેઓ પોતે પણ એક વેચનારાની બીજી પેઢી છે અને સેવાના ખૂબ જ અનુભવી આગેવાન બાલુબહેનનાં દીકરી છે. આજે એ વેચનારાઓના સેવાનાં યુવાન આગેવાન છે. તેઓ ખરેખર તો 'સેવા'માં જ મોટા થયા છે એટલે રગેરગથી 'સેવા'નાં જ છે...!

કોવિડ ૧૯ની પરિસ્થિતિમાં પણ સભ્યોની તેઓ પડખે ઊભા રહ્યા. એ.એમ.સી.ની ઝોનલ ઑફિસ સાથે સંકલન સાધીને ૨૫-૩૦ સભ્યોના બંધ થઈ ગયેલા રાશન કાર્ડ ફરી ચાલુ કરાવી આપ્યા જેથી તેમને આ કપરા દિવસોમાં મફત રાશન મળી શકે. અન્ય સંસ્થા દ્વારા મળેલી ૫૦ રાશન કિટ્સને ગરીબમાં ગરીબ સભ્યો સુધી પહોંચાડી, ૧૫ વિધવા બહેનોને સહાય પહોંચાડી, ૫૦ સભ્યોને પાંચ દિવસ સુધી તૈયાર ભોજન પૂરું પાડ્યું, તથા પોતાના વિસ્તારનાં સભ્યોનાં બાળકોને બિસ્કિટ આપવાનું કામ કર્યું. શહેરી વિકાસ મંત્રાલય તરફથી હજાર રૂપિયાની રકમ રાહતમાં મળવાપાત્ર હતી તેમને સરકારી વેબસાઇટની લિંક ઉપર કેવી રીતે પોતાના દસ્તાવેજો અપલોડ કરવા અને મોકલવા તે શીખવાડ્યું. આ મહામારીના શરૂઆતના દિવસોમાં સભ્યોને ફોન કરી તેમના ખબરઅંતર પૂછીને અને દરેકને કોરોના વાયરસ શું છે તેની સમજ આપી સાવચેતીના કયાં પગલાં લેવા જોઈએ તેની માહિતી તેઓ આપતા. જીજ્ઞાસાબહેન તથા સભ્યોને સહેજે અંદાજો જ નહોતો કે લૉકડાઉન આટલું લાંબુ ચાલશે. તેઓ પોતે પણ એના માટે તૈયાર ન હતા એટલે સભ્યોને પણ આગળથી તૈયાર કરીને ચેતવી ના શક્યા. લૉકડાઉનના પંદર દિવસ પસાર થઈ ગયા પછીપણ જ્યારે બધા ઘરમાં જ પુરાયેલા હતા ત્યારે કામ અને આવક વગર પરિસ્થિતિ ખૂબ ગંભીર થઈ ગઈ હતી.

આ દિવસોમાં જીજ્ઞાસાબહેનનો ફોન દરરોજ સતત રણક્યા કરતો. પોતાની પરિસ્થિતિ વિશે જાણ કરવા તથા હવે આગળ શું થશે તે પૂછવા સતત સભ્યો ફોન કરતાં રહેતાં. આ સૌને જીજ્ઞાસાબહેનમાં ખૂબ વિશ્વાસ હતો માટે આ લૉક ડાઉન ખુલી જાય અને એમનાં કામ ધંધા શરૂ થાય એની ચર્ચાઓ કરતા. વેચનારા સભ્યોને કોરોના રોગનો તો ભય હતો જ પણ સાથે સાથે તેઓ પોતાનું દેવું કેવી રીતે ભરશે ? કુટુંબીજનોને કેવી રીતે ખવડાવશે અને ઘર કેવી રીતે ચલાવશે

તેની ચિંતા ખૂબ સતાવતી હતી. આ સમયે જ એ.એમ.સી.નાં અધિકારીનો જીજ્ઞાસાબહેન ઉપર ઇ-રીક્ષા કે જેના દ્વારા રોગ અસરગ્રસ્ત વિસ્તારોમાં શાક વેચી શકાય તે માટે એવા વેચનારાઓ કે જે રીક્ષા પણ ચલાવી શકે તેમના નામ સૂચવવા માટે ફોન આવ્યો. તેમણે સભ્યો સાથે સંકલન કરીને વેચનારાઓની આ માટે વ્યવસ્થા કરી. સદ્નસીબે આ બધા જ વેચનારાઓ તેમાંથી સારું કમાઈ શક્યા. શરૂઆતમાં તેઓ જ્યાં ખૂબ રોગ ફેલાયેલો હતો તેવા વિસ્તારમાં જતા ડરતાં હતાં પણ જીજ્ઞાસાબહેન સતત કઈ રીતે તેમણે પોતાના બચાવ માટે સાવચેતીનાં પગલાં લેવા જોઈએ તે અંગે માહિતી આપતા રહ્યા.

ધીરે ધીરે એ.એમ.સી. દ્વારા ઈ. રીક્ષાની પહેલને આગળ ધપાવવાનો નિર્ણય લેવાયો અને ૧૨૫ ઈ-રીક્ષા અને ટેમ્પા દ્વારા આ કામગીરી કરવાનું નક્કી થયું. આ વખતે તેમણે શાક વેચનારને એક રીક્ષા ડ્રાઈવર અલગથી આપવાનું નક્કી કર્યું. જે ફક્ત રેડ ઝોન અને કરફ્યુવાળા વિસ્તારમાં જ ફરસે એવું નક્કી કરવામાં આવ્યું. આ આખી પ્રક્રિયા ગ્રાઉન્ડ લેવલે ખૂબ મહેનત માંગી લે તેવી હતી અને સભ્યો તથા એ.એમ.સી.ના હોદ્દેદારો સાથે સતત સંકલન તો ખરું જ. શરૂઆતમાં વેચનારાઓ આ વ્યવસ્થાથી બહુ ખુશ નહોતા કારણ કે અજાણ્યા વિસ્તારોમાં શાકભાજી વેચવાનું થોડું અજુગતું હતું અને ઉપરથી આ વિસ્તારોમાંથી કોરોના વાયરસનો ચેપ લાગવાનો ભય પણ હતો.

શરૂઆતમાં થોડી તકલીફ રહી જેમ કે ઈ-રીક્ષા માટે ક્યાં પહોંચવાનું, કયા પટ્ટામાં અથવા તો કયા રૂટ ઉપર શાક વેચવા જવાનું વગેરે જે ધીરે ધીરે ગોઠવાતું ગયું. જીજ્ઞાસાબહેને કહ્યું, ‘અમે સાવ ખોટકાઈ પડ્યાં હતાં. ઘરની બહાર પણ નહોતા નીકળી શકતાં. આ સમયે ફક્ત ફોન ઉપર જ સંકલન કરવું શક્ય હતું, જે અમારાં માટે એક મોટો અવરોધ હતો. સામાન્ય સંજોગોમાં તો અમારા માટે ૧૨૫ શાકવેચનારા ભેગા કરવા એ એક જ દિવસનું કામ હતું. પણ આ સમય દરમિયાન સંકલન સાધવામાં ખૂબ સમય લાગ્યો. આ પહેલ માટે સભ્યોને ભેગા કરવાનું અને તેમને આ કામ માટે તૈયાર કરવાનું ફક્ત સેવાના આગેવાન સભ્યોના નેટવર્ક થકી જ શક્ય બની શક્યું. આ આખું કામ પાર પાડવું એમાં ‘સેવાનું ગૌરવ’ જોડાયેલું હતું અને અમારા આગેવાનોની સભ્યોમાં જે રીતે પકડ છે તે જોતાં અમારે તેને સફળ તો બનાવવું જ હતું એટલે અમે અમારાથી બનતા બધા જ પ્રયત્નો કર્યાં.’

‘આ કામની ગોઠવણ માટે રોજ ખૂબ જ સમય આપવો પડતો. જે વેચનારાઓએ વેચવા જવાની હા પાડી હોય તે આવે જ નહીં, સૂચનાઓનું પાલન ના કરે, સાવચેતીના યોગ્ય પગલાં ન લે વગેરે અનેક પ્રશ્નોનો ઉકેલ લાવવો પડતો. એ.એમ.સી.નાં અધિકારીઓ કંઈક ભૂલચૂક થાય તો મને ફોન કરતા અને આ ગોઠવણ સુધારવાની ચર્ચા કરતા. હું સવારે ૬- ૩૦ થી બધાને ફોન કરવાના શરૂ કરતી કે જેથી તેઓ સમયસર વર્કશોપ ઉપર પહોંચે અને રાત સુધી સંપર્કમાં રહે જેથી બીજા દિવસે કોણ જશે તેની ફાઈનલ યાદી બનાવી ને એ.એમ.સી.ને આપી શકાય. જ્યારે તેઓ શાક વેચીને પાછા આવે ત્યારે મારે દરેકને તેમણે કેટલું વેચાણ કર્યું તેની માહિતી લેવી પડતી અને તેમને દિવસ દરમિયાન કેવા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો તેની નોંધ લેવાની રહેતી. આ બધી માહિતી ત્યારબાદ મારે રોજ એ.એમ.સી.ને આપવાની.’

દસ દિવસમાં આ કામની વ્યવસ્થા બરાબર ગોઠવાઈ ગઈ. પણ અચાનક આમાંતી એક ઈ- રીક્ષા ડ્રાઇવરને કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો. સ્વાભાવિક છે કે એ રીક્ષા ડ્રાઈવર સાથે જોડાયેલ વેચનાર પણ કોરોના પોઝીટીવ હોઈ જ શકે. બધા જ વેચનારાઓમાં ગભરાટનો માહોલ સર્જાયો. આ સમયે મને થુયં કે સભ્યોનો જીવ વધુ મહત્ત્વનો છે પરંતુ સભ્યોએ જ આ કામ ચાલુ રાખવાનું નક્કી કર્યું. કારણ કે તેમના માટે આ કપરા સમયમાં આ એક જ આવકનું સાધન હતું અને તે કેમ ગુમાવાય ? જીજ્ઞાસાબહેનના શબ્દોમાં કહું તો ‘આમેય વેચનારા મૂળે જ લડવૈયા હોય છે, એ લોકો કોઈપણ પરિસ્થિતિનો સામનો બહાદુરીપૂર્વક કરી શકે છે, તેઓ સરળતાથી હાર માનતા નથી... અને તેથી જ અમે કામ ચાલુ રાખ્યું. આ આખીય પહેલ દરમિયાન કોરોનાના પોઝિટિવ કેસ વધતા જ ગયા પણ અમે તેનો હિંમતભેર સામનો કરી કામ કરતાં જ રહ્યાં. લગભગ દોઢ મહિનાથી પણ વધારે સમય માટે અમે આ કામ કર્યું. પણ અંતે એ.એમ.સી. દ્વારા જૂન મહિનાની મધ્યે કરફ્યું ઉઠાવી લેતાં તેને બંધ કરવામાં આવ્યું.

જીજ્ઞાસાબહેને આ સંકટના સમયે સભ્યોનું મનોબળ વધારવામાં ખૂબ અગત્યનો ભાગ ભજ્યો. તેઓ સતત સભ્યોના સંપર્કમાં રહ્યા અને દરેક બાબત વિશે અને ખાસ તો કોરોના વિશે તેમની સાથે વાતચીત કરતા રહ્યા. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારોમાં રાહત સામગ્રી ક્યાંથી મળે છે, કોરોનાની દવા, રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે ઉકાળો બનાવવાની પદ્ધતિ વગેરે માહિતી સભ્યોને આપતા રહ્યા. જ્યારે કોઈ સભ્યબહેન ઘરેલુ પ્રશ્નો જેમકે પતિ સાથે ઘર્ષણ થાય ત્યારે જીજ્ઞાસા બહેનનો સંપર્ક કરતી ત્યારે તેઓ શાંતિથી તેમની

તથા કુટુંબીજનોની સાથે વાતચીત કરતા. જ્યારે ઈ-રીક્ષા દ્વારા વેચનારા સભ્યો રેડ ઝોનના વિસ્તારોમાં વેચાણ કરવા જતા ત્યારે તેમના જ પાડોશીઓ વાંધો ઉઠાવતા હતા ત્યારે તેમણે તે બધાને સમજાવ્યું કે જો યોગ્ય ચોકસાઈ લેવામાં આવે તો કોઈને પણ વાયરસનું સંક્રમણ ના થાય. વળી જો લોકો ટોળે વળીને ઘરની બહાર આંટા મારશે તો તેમને વાઇરસનો ચેપ લાગવાની પૂરી શક્યતાઓ છે. તેમણે જણાવ્યું કે તેમનાં સમાજમાં તો કોરોના થવો એ એક કલંક ગણાવા માંડ્યું હતું. સમાજ તેમનો બહિષ્કાર કરશે એ ભયથી લોકોને હોસ્પિટલમાં દાખલ થવું નહોતું કે પછી ઘરમાં ક્વોરન્ટાઈન પણ નહોતું. થવું એટલે કોઈ પોતાની માંદગીના લક્ષણો જ જણાવવા તૈયાર ન હતા. તેમણે આ દરેક સભ્યો સુધી પહોંચી તેમની સાથે વાત કરવાના પ્રયત્નો કર્યાં.

જ્યારે મેં જીજ્ઞાસાબહેનને પૂછ્યું કે તમે કોવિડ-૧૯ના કપરા સમયની આ સફરમાં શું શીખ્યા ? તો એમણે ખૂબ સરસ રીતે જવાબ વાળ્યો. ‘કોરોનાએ ચોક્કસ મને કેટલીક વસ્તુઓ શીખવાડી છે ખાસ તો હવે હું ટેક્નોલોજીનો વધારે સારો ઉપયોગ કરતા શીખી ગઈ છું. પહેલા તો ટેબલેટથી મેસેજ જ કરી શકતી પણ હવે હું કોન્ફરન્સ કોલ, ઝૂમ મીટિંગ, ગૂગલ મીટ વગેરે કરી શકું છું. ખૂબ સરળતાથી મિટીંગમાં પોતાને મ્યુટ કરી શકું છું અને બોલવાનું આવે ત્યારે અનમ્યુટ કરી દઉં છું. શહેરી વિકાસ ખાતાની લિંક કેવી રીતે ખોલવી તે શીખી અને બીજાને શીખવાડી.

ખાસ તો જીવનમાં ધીરજ રાખતાં શીખી. ઈ-રીક્ષાના સંકલનની કામગીરી ખૂબ જ ધીરજ માંગે એવી હતી. વળી સભ્યોના પ્રશ્નોનો ફોન ઉપર ઉકેલ લાવવો પણ કાઠો હતો. પણ હું આ બધું ખૂબ સારી રીતે સંભાળી શકી.’

‘ઘર બાળકો પતિ અને સતત ચાલતા કામ વચ્ચે સંતુલન રાખવું અઘરું હતું, પણ હું એ સારી રીતે કરી શકી. એવો સમય પણ આવ્યો હતો જ્યારે પતિ સાથે ઝઘડા થતા કારણ કે એમને એવું લાગતું કે હું સતત ફોનઉપર જ વ્યસ્ત રહું છું. મને સમજાયું કે એ પણ ઘરની અંદર કોઈ કામ વગર ફસાઈ પડ્યા છે અને એમને આવી ઘરે બેસવાની આદત નથી એટલે આ પ્રશ્નને પણ મેં મારી કોઠાસૂઝથી ઉકેલ્યો. સાથે સાથે એમને એમ પણ કહી દીધું કે તમને ન ગમતું હોય તો હું બહાર જઈને ફોન ઉપર વાત કરીશ પણ મારી બહેનોનું કામ તો ચાલુ જ રાખીશ. પછી એમણે હસીને કહ્યું કે મેં રોજ બપોરે અને રાત્રે સુતાં પહેલાં બાળકો સાથે રમવામાં અને પતિ સાતે વાત કરવામાં થોડો સમય ગાળવાનું શરૂ કર્યું. જેને કારણે ઘરનું વાતાવરણ પણ સુધર્યું. તેમણે હંમેશા મારી સભ્યો પ્રત્યેની જવાબદારી અને કામને બિરદાવ્યા જ છે અને આ કામથી પણ હવે ટેવાઈ ગયા છે.

હું સેવા અને અન્ય સભ્યો સાથે ખૂબ લાગણીથી જોડાયેલી છું. આજે હું જે છું તે બધું સેવાની પ્રેરણા અને પીઠબળ ને આભારી છે. હું જ્યારે નાની હતી ત્યારે ખૂબ જ ગભરુ હતી અને મારી મા ની પાછળ પાછળ બધે ફરતી. અમારો સમાજ ખૂબ જ રૂઢિવાદી છે છોકરીઓ કામ કરે તે હજી કોઈ પસંદ કરતું નથી. જ્યારે મારીમા સાથે ‘સેવા’ આવતી ત્યારે બહેનોને આગેવાન તરીકે જોતી તેમાં મને ખૂબ રસ પડતો. મને લાગે છે કે હું પણ આ નેતૃત્વ શક્તિ સાથે જ મદદ કરી. હવે મને કોઈની બીક નથી લાગતી. હું એ.એમ.સી.ના કે સચિવાલયના કોઈપણ અધિકારી સાથે બિન્દાસ વાત કરી શકું છું કારણ કે હું મારા સભ્યોના પ્રશ્નોને વાચા આપવાનું કામ કરું છું. મેં કોવિડનાં એક કેસનાં અનુસંધાનમાં મુખ્યમંત્રીને પત્ર પણ લખ્યો હતો. એક કુટુંબના ૮ સભ્યોને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. જેમાંથી સ્ત્રી સગર્ભા હતી અને બીજીને છ મહિનાનું બાળક હતું વળી સાથે ઘરડા મા-બાપ પણ હતા. આ બધાને જુદી જુદી જગ્યાએ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. એમાંની જે એક માં હતી તેણે રડતાં સ્વરે મારો સંપર્ક કર્યો કારણ કે તેને પોતાના નાનકડા બાળકથી અલગ જગ્યાએ રાખવામાં આવી હતી. મને પણ આ બાબતનું દુખ લાગ્યું. જ્યારે મને એ.એમ.સી.ના આરોગ્ય વિભાગમાંથી આ અંગે યોગ્ય સહયોગ ના મળ્યો ત્યારે મને થયું કે કદાચ મુખ્યમંત્રી આ માતાની વેદના સમજશે અને તેને મદદ કરશે. જો કે મને ખબર હતી કે હું જરા વધારે જ અપેક્ષા રાખી રહી છું પણ મારા સભ્યો માટે મારાથી જે થાય તે કરવું જ હતું. આજે સમાજના બધા લોકો મારી કદર કરે છે અને મારામાં તથા મારા નિર્ણયોમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે. જ્યારે એ.એમ.સી.ના અધિકારીઓ કેટલાક પ્રશ્નોને ઉકેલવા માટે મારા ઉપર આધાર રાખે છે ત્યારે મનમાં ખૂબ જ સારી લાગણી થાય છે. હું મારી બહેનો સાથે મક્કમ ડગલાં માંડતી જાઉં છું... આગે આગે

- **રશીમ**

❑

# મારી આપવીતી...

અસંઠિત ક્ષેત્રનાં કામદારો અને તેમાંય 'બહેનો' જે હંમેશા અદૃશ્ય રહ્યા છે. તેમનો અવાજ દબાયેલો રહ્યો છે. તેમની વિતકકથાઓ - જીવનકથાઓ ભારોભાર સચ્ચાઈથી ભરેલી હોય છે. પણ આ વિતકકથાઓને કોણ સાંભળશે ? એને ક્યાંય સ્થાન ખરું ? કામદારોનાં ઇતિહાસમાં એની નોંધ ખરી ? આ અદૃશ્ય - સ્ત્રી કામદારોની જીવનકથા તે 'મારી આપવીતી' આગલા અંકમાં આપણે જોઈ હતી તેનાં અનુસંધાને આપણે આગળ જોઈએ. - **મનાલી**

## મને કડિયાકામ ક્યારે મળશે ?

મારું નામ ગીતાબેન છે, હું ધોરણ ૫ સુધી ભણી છું. હું સેવામાં જોડાયેલ છું, ઘરકામ કરુ છું. અમે સાસુ સસરા સાથે રહીએ છીએ. મારે બે બાળકો છે. જેની ઉંમર ૭ વર્ષ અને ૫ વર્ષની છે. મારા ઘરવાળા ગંજ બજારમાં સિમેન્ટ ઉતારવા માટે જતા હતાં. અને રોજ ૩૦૦ રૂપિયા લાવતા. તેનાથી અમારું ઘર ચાલતું હતું. આ કોરોના આવવાથી અમારા પર આભ તૂટી પડ્યું હોય તેમ લાગે છે. મારા ઘરવાળા મજૂરીએ જઈ શકતા નથી.

થોડા દિવસ તો સારી રીતે પસાર થયા. ઘરમાં થોડું હતું તે ખાતા હતા. આ સમયે નગરપાલિકામાંથી બે ટંકનું ખાવાનું મળવા લાગ્યું. એક બેને ૧૦ કિલો ઘઉંની મદદ કરી. વળી રાશન કાર્ડ દ્વારા ૧૦ કિલો ઘઉં, ચોખા, ૧ કિલો મગની દાળ મળેલ એટલે થોડી રાહત મળી.

મારા ઘરે પાણીનો નળ નથી. કોરોનાથી બચવા વારંવાર હાથ ધોવા, ન્હાવાથી પાણીનો વપરાશ વધ્યો આ પાણી દૂરથી ઉપાડીને લાવવું પડે છે. સામાન્ય દિવસ કરતાં પાંચ કેરબા વધુ ભરવા પડે. પાણી ભરવામાં છોકરો મદદ કરે. કોરોનાના લીધે બધુ બંધ થવાથી ઘરવાળા ઘરે બેઠા હતા. વળી તેમને દારૂ પીવાનું વ્યસન. એવામાં ઘરમાં પૈસા ના હોય અને દારૂ પીવા પૈસા માંગે. હું ના આપું તો ગમે ત્યાંથી દારૂ પીને આવે અને મને ગાળો બોલે. ઘણીવાર છોકરાઓ પર હાથ ઉપાડી દે છે, એટલે ઘણીવાર હું રાતે સુઈ શકતી નથી.

હવે ગંજ બજારો ખુલ્યા અને મારા ઘરવાળા પાછા કામે જવા લાગ્યાં એટલે ઘર ચલાવવામાં ઓછી તકલીફ પડશે એમ લાગે છે પણ બીક પણ લાગે છે કે, તેમને કોરોના થઈ જશે તો શું થશે ? મારી પાસે કમાણીનું કંઈ સાધન નથી. પણ આશા છે કે, કામ મળશે. હું કડિયા કામમાં મજુર તરીકે કામ કરી શકું છું.

## નર્મદાનો જંગ

મારું નામ નર્મદા છે, ગામ ઢોરીયા, ખેતીકામ અને પશુપાલન કરું છું. મારા ઘરવાળા સિક્યોરીટીમાં જાય છે. મારો દીકરો વડોદરા ઓર્ગેનિક કંપનીમાં ડિસેમ્બર મહિનાથી કામ કરવા ગયો હતો. તેનો પગાર ૧૨૦૦૦ રૂ. હતો. કોરોનાને લીધે લોકડાઉન જાહેર થયું ત્યારે મારો દિકરો વડાદરાથી પ્રાઇવેટ ગાડીમાં અમદાવાદ આવી ગયો. અમદાવાદથી કોઈ સાધન ના મળવાથી અમદાવાદથી કલોલ ચાલતો આવ્યો. પછી કલોલથી પ્રાઇવેટ ગાડી કરી અંતે ઘેર પહોંચ્યો. આ દિવસો જિંદગીભર યાદ રહી જશે.

અમે ભાગે જમીન લઉ ઘઉં વાવેલા. વાવેતર ખર્ચ ૧૭૦૦૦ રૂ. થયો. એમાંથી મને મારા ભાગમાં ૩૦ મણ ઘઉં મળ્યા. વળી પશુપાલન માટે વીઘામાં રજકો ઉગાડ્યો હતો. પશુપાલનનો ખર્ચ કાઢતા મહિને દૂધની આવક ૩૦૦૦ રૂ. થાય છે.

કોરોનાની પરિસ્થિતિમાં પણ ખેતરમાં જવા માટે વહેલીસવારે મોઢા પર માસ્ક બાંધીને જતાં અને ખેતરમાં અંતર રાખીને કામ કરતા. વળી પશુપાલન માટે ચારો લેવા જઈએ ત્યારે પણ છેટા છેટા રહીએ. કોરોના થવાની બીક પણ રહેતી. ઢોરના વાડામાં પણ સ્વચ્છતા રાખીએ. દવા છાંટીએ જેથી જીવાત કે મચ્છર ના થાય, ભેંસને રોજ નવડાવીએ. દૂધ દોહવા જઈએ ત્યારે પણ આંચળ બેથી ત્રણવાર પાણીથી ધોઈ પછી જ ભેંસ દોહવાની.

કોરોનાને લીધે અચાનક લોકડાઉન કરવાથી ઘરમાં મારા દીકરાની આવક પણ બંધ થઈ ગઈ. મારા ઘરવાળા સિક્યોરીટીમાં જતા હતા તે પણ ઘેર જ છે. ઘરમાં આવક બંધ થઈ ગઈ એટલે ઘરમાં ખાવા બનાવવા માટે રોજ સંઘર્ષ થતો હતો. પૈસાની તકલીફના લીધે પૂરું ખાઈ શકતા નહોતા. પૈસાના સંઘર્ષના કારણે ઘર ખર્ચ ચલાવવું અઘરું પડતું હતું. મારો દિકરો પણ આખો દિવસ ઘરમાં રહે અને ખેતરના કામમાં મદદ કરતો અને ઘાસચારો લાવવામાં પણ મદદ કરતો. ગામડામાં રહેવું તેને અઘરું લાગતું હતું તેથી ઘણીવાર

ગુસ્સો પણ કરતો. કપાસનું ૪૦ મણ ઉત્પાદન થયું હતું. જે મણના ૮૦૦ રૂ.ના ભાવે વેચ્યું. ઘઉં પણ વાઢી લીધા. હવે ચોમાસે વાવેતર કરીશું.

કોરોનાને લીધે ગામમાંથી સરકારી રાહત પેકેજ હેઠળ રાશનકાર્ડ પર અનાજ પણ મળ્યું. ખેડૂતને મળતી સરકારી સહાય ૨૦૦૦ રૂ. પણ મળી, તથા જનધન ખાતામાં ૫૦૦ રૂ. પણ મળ્યા. સરકારની આ સહાયના પૈસા મળવાથી હાલમાં ઘરખર્ચ ચલાવવામાં મદદ મળી છે. પરંતુ જો કોરોનાની આવી પરિસ્થિતિ લાંબી ચાલશે તો અમને પણ ઘરખર્ચ ચલાવવામાં તકલીફ થશે. ઘરમાં બધા એક સાથે રહેવાથી માનસિક સંઘર્ષ અને તણાવ ઉદ્ભવે છે.

ઢોરીયા ગામમાં પંચાયતનો સખત હુકમ છે કે, કોઈપણ વ્યક્તિએ બહાર નીકળવું નહી, ટોળું વળીને ભેગા થવું નહી. કોરોનાથી ડર પણ લાગે છે. જો આ કોરોના વાયરસ લાગી જશે તો, તેનો ઈલાજ બરાબર કરાવી શકીશું કે કેમ ? પરંતુ રોજ ઉકાળા પીએ છીએ, માસ્ક બાંધીએ છીએ, દિવસમાં વારંવાર સાબુથી હાથ પણ ધોઈએ છીએ, ગરમ પાણી પીવાનો જ આગ્રહ રાખીએ છીએ. પછી ભગવાન જે કરે તે ખરું. કોરોના બીમારી ગંભીર તેમજ જીવલેણ હોવાથી તેની સાવચેતી રાખવી જોઈએ.

## આપબળે... ખમાબા

હું ૧૫ વર્ષથી સેવાની સભ્ય છું. મારું માન ખમાબા છે. હું અરીખાણા ગામમાં રહું છું. મારી ઉંમર ૩૫ વર્ષ છે. મારા લગ્નને ૧૭ વર્ષ થયા છે. મારો મૂળ ધંધો ભરતકામ, ખેતી અને પશુપાલન છે. અમારી ખેતી વરસાદ આધારિત છે. મારા ઘરવાળા ખેતી કામ ના હોય ત્યારે છુટક મજુરી કરવા જાય. મજુરી કામમાંથી ૬૦૦૦ જેટલી આવક આવે. અને મને પશુપાલન અને ભરતકામ દ્વારા ૩૦૦૦ની આવક થાય. એમાં અમારું ઘર ચાલતું હતું. મારે ૧૦ વર્ષનો દીકરો અને ૧૪ વર્ષ અને ૧૨ વર્ષની બે દીકરીઓ છે.

૩ મહિના પહેલા મારા પતિ મરણ પામ્યા. આ ૩ સંતાનોની જવાબદારી મારી એકલી પર આવી ગઈ. આ કોરોનાના લોકડાઉનમાં વેપારી પણ ભરતકામ આપતા ન હતા. ઉનાળામાં પશુઓને ઘાસચારો પૂરતા પ્રમાણમાં ન મળે તેથી દૂધની આવક પણ થતી ન હતી. ૧૫૦૦ રૂ.માં મારા પરિવારનું ગુજરાન ચલાવવાનું અઘરું થઈ પડ્યું છે. પતિના મરણ બાદ જ્ઞાતિના રીવાજ પ્રમાણે ૧ વર્ષ સુધી બહાર કામ કરવા પણ જઈ શકતી નથી. પણ, અમારા કચ્છ ક્રાફ્ટ એસોસિએશન દ્વારા, કચ્છમિત્ર અને અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા અનાજની કીટ મળી હતી. કચ્છ ક્રાફ્ટ એસોસિએશ દ્વારા સરકારી વિધવા સહાયનું ફોર્મ ભરાવ્યું એટલેતેની સહાય પણ મળી. ખેતી માટે બિયારણ, ખેડ-ખાતર વગેરે માટે ઉછીના રૂપિયા લેવા પડશે. આ કોરોના મહામારીના હિસાબે અમારી પરિસ્થિતિ વધારે બગડી ગઈ છે. મારા બાળકો પણ નાના છે. રેશનીંગમાંથી પણ અનાજ મળે છે તેથી રાહત છે. પણ બાકીની જરૂરિયાતોનું શું ? આ મોટી વિમાણસ છે.

## કામની આશ

મારું નામ શાંતાબા છે. કોટડારોકા ગામમાં મારું પિયર છે. અમે ત્રણ ભાઈ બહેન હતા. બાપુજી છુટક મજુરી કરતા હતા. ગામમાં બાવાજી જાણીને થોડા ઘણાં લોકો લોટ અને અનાજ આપતા હતા. તેમાં અમારું ગુજરાન ચલાવતા. મારા બાપુજીએ અમને ભણાવ્યા પણ ન હતા. મારા લગ્ન ૧૬ વર્ષે થયા.

મારા પતિ પણ છુટક મજુરી કરતા. મારે બે નણંદ અને એક દિયર છે. તે પણ છુટક મજુરી જ કરતાં હતા. એક જ વર્ષમાં સાસુ-સસરા બિમારીના કારણે મૃત્યુ પામ્યા. તેથી નણંદ તથા દિયર મારે સંભાળવા પડ્યા. તે બધા નાના હતા. તેમને મોટા કર્યા તેમના લગ્ન પણ કરાવી દીધા પછીથી દિયર અલગ રહે છે. હું બીજાના રસોડે કામ કરી ગુજરાન ચલાવતી. મારે પણ બે દીકરા અને એક દીકરી છે. તેમને આઠ ધોરણ સુધી ભણાવ્યા. તેમના પણ લગ્ન કરાવી દીધા. દિકરાને વહુઓ અલગ રહેવા જતા રહ્યા છે. તે બધા પણ છુટક મજુરી કરે છે. મારા ઘરવાળા પણ છુટક મજુરી કરતા તેનાથી અમે અમારું ગુજરાન ચલાવતા. પણ કોરોનાની કપરી પરિસ્થિતિમાં મારા ઘરવાળાનું છુટક મજુરીનું કામ બંધ થઈ ગયું છે. અમે કોઈની પાસે માંગવા પણ જઈ શકતા નથી. અત્યારે અમને ખાવાના પણ ફાંફા છે. સેવાની સભ્ય હોવાથી મને કીટ મળી અને રેશનીંગમાંથી અનાજ પણ મળ્યું પણ એક મહિનામાં તે પૂરું થઈ ગયું. અમારે એવી કોઈ આવક કે રોજગારી નથી. જીવવું મુશ્કેલ થઈ પડ્યું છે. પણ સેવા કચ્છ ક્રાફ્ટ એસોસિએશન દ્વારા મને સરકારની વૃદ્ધા પેન્શન યોજનામાં જોડેલ તેથી દૂધ, શાકના રૂપિયા મળ્યાને કીટ મળી. તેમાં અમારું ગુજરાન ચલાવીએ છીએ. આશા છે કે લોકડાઉન ખુલશે અને ફરી મારા ઘરવાળાને છુટક મજુરી મળશે.

**- ભારતી ભાવસાર**

❑

# લોકડાઉનમાં પણ સેવા મારી સાથે

મારું નામ જાગૃતિ છે. હું ધનાલીમાં રહું છું. હું ખેત કામદારની દીકરી છું. અમે ચાર ભાઈ- બહેન છીએ. હું સેવાની સભ્ય છું. માસ્ટર ટ્રેનર છું, નર્સ તરીકે સેવા આપું છું. સેવામાં આરોગ્યને ધ્યાનમાં રાખી મને ઘણી બધી તાલીમ આપવામાં આવી છે જેવી કે, થાઈરોઈડ, ડાયાબીટીસ, કોલેસ્ટ્રોલ, બી.પી. વિગેરે અને સેવાની અન્ય તાલીમોમાં મે સેવા પરિચયની તાલીમ મેળવી છે. હું સ્વાસ્થ્ય સમુદાયના કેન્દ્ર પર કામ કરુ છું.

કોરોના મહામારીના સમયમાં લોકડાઉનના કારણે હાલ હું ઘરે ઓનલાઈનથી કામ કરું છું. નિષ્ણાંત ડૉક્ટરની ટીમ દ્વારા કોવિડ-૧૯ને ધ્યાનમાં લઈ પોસ્ટર તથા કોરોના અંગેની ઓડિયો અને વિડિઓ તૈયાર કર્યા હતા તે મને સેવા સંગઠનમાંથી મળ્યા અને આ માહિતી મે અમારા સંગઠનના સભ્યોને ગ્રુપમાં, સ્ટેટ્સ દ્વારા, વોટ્સઅપ દ્વારા મોકલી. અને બધાને જાગૃત કર્યા વળી ગામમાં બાળકોને સેવા દ્વારા ચાલતી વિદ્યાર્થીઓ માટેની પ્રવૃત્તિ ‘સમયનું સન્માન’માં જોડીને બાળકોએ તૈયાર કરેલા કોરોના વાયરસ ચિત્રો અવેરનેસ ગ્રુપમાં મુક્યાં. તેમાં મારા ચિત્રો પણ સારા હોવાથી. મારું તેમજ ભૂમિના નામની પસંદગી થઈ. અમને સેવામાંથી વિડીયો દ્વારા અંદરની પ્રતિભાણે ઓળખો એ સંદેશો ભેટરૂપે મળ્યો. આ રીતે અમે સંસ્થાના સ્થાપક ઇલાબેનથી રૂબરૂ થયા અને વધુ ચિત્રો દોરવાની પ્રેરણા મળી. આ ઉત્સાહને લઈને અમે દોરેલા ચિત્રો બધાને બતાવીને કોરોના વિશે સમજણ પણ આપતા. આમ અમે કોરોના સમયમાં ખુબ સક્રિય રહ્યા.

આ ઉપરાંત હું મારા મમ્મીને ખેત કામમાં પણ મદદ કરવા જતી. કોરોનાથી બચવા પાણીનો વપરાશ પણ પહેલા કરતા વધી ગયો છે. કારણ કે બહાર જઈને આવીએ તો પણ સાબુ પાણીથી હાથ ધોવા જરૂરી છે. મારા ગામમાં બંદોબસ્ત સારો છે.

લોકડાઉનના કારણે શાકભાજી, કરીયાણાની વસ્તુમાં બહુ તકલીફ પડતી. શાકભાજી ના મળે તો અમે કઠોળ, દાળ ઢોકળી બનાવી ગુજરાન ચલાવતા. શાકભાજીને કેટલી જગ્યાએ હાથ લાગેલા હોય તે ભયથી ગામડામાં દાળ, કઠોળ, કઢી પર વધારે ભાર મૂકી ખોરાકમાં ઉપયોગમાં લે છે. શાકભાજી લેનારાઓને કહેતી કે, મીઠું કે ખાવાનો સોડા નાખી પાણીમાં પલાળી ચોખ્ખા પાણીથી ધોઈ ઉપયોગ કરવો. આ પ્રમાણે હું બધાંને સમજાવતી.

મારા ગામની પરિસ્થિતિની વાત કરું તો મારા ગામના સરપંચે દરેક વાસમાં કમિટી કરીને વાસદીઠ ૨ સભ્યો તૈયાર કર્યા છે. તેમનું કામ કોઈ બહારનું માણસ ગામમાં આવે તો તેઓની જાણ કરવાની રહેતી. આ બહારથી આવેલા લોકોને ૧૪ દિવસ સુધી ગામની શાળામાં કોરનટાઈન કરવાના. આથી અમારા ગામનું કોઈ બહાર જઈ ના શકે અને બીજા ગામનું અમારા ગામમાં આવી ના શકે.

સેવા દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં સભ્યોની માહિતી મેળવવાના કામમાં મારી પસંદગી કરવામાં આવી. આ કામમાં ઓનલાઇન સભ્યોનો સંપર્ક કરી સભ્યોની માહિતી કેવી રીતે ભેગી કરવી તે સર્વેની તાલીમ લઈ કામ કર્યું. વળી પેટીએમ સર્વેની તાલીમ પણ ગુગલ મીટ દ્વારા જોડાઈને મે મેળવી. ટેક્નોલોજીથી હું સતત સેવાના કામમાં પરોવાયેલી રહેતી મારી આવડતમાં ખુબ વધારો થયો.

❑

# આ લોકડાઉન ક્યારે પતશે ?

ધનાલી ગામમાં સેવાના સભ્ય જશોદાબેન રહે છે. બે દાયકા પહેલા વરસાદ આવવાનો હોવાથી તેમના ઘરવાળા ઘરના પતરા સીધા કરવા ઘરની ઉપર ચડ્યા હતાં. પતરું ખસી જતાં નીચે પંખો ચાલું હતો ને પડી ગયા. એમનો પગ પણ કપાઈ ગયેલો. સરકારી હોસ્પિટલ સિવિલમાં મહેસાણા લઈ ગયા. સારવાર બાદ તેમનું અવસાન થયું. હવે પરિવારમાં સાસુ, દીકરો, દીકરી હતા. તેથી દાળી મજુરી કરી ઘરનું ગુજરાન ચલાવતા. પશુ નિભાવવા માટે બીજાના ખેતરેથી ચારો લાવી ખવડાવતા. અને ૪ લીટર દૂધ આપે. મહીને ૪૦૦થી ૫૦૦ રૂ ડેરીનો પગાર આવતો. પણ બીજાના ખેતરમાંથી ચારો ના લેવા દેતા. તેથી ચારાના અભાવે ભેંસ વેચી દીધી. ૧૦ વર્ષ પહેલા સાસુ ગુજરી ગયા. દીકરો, દીકરી મોટા થયા એમ ઘરમાં તકલીફ વધવા લાગી.

જશોદાબેન છેલ્લા ૫ થી ૬ વર્ષથી હેવી મેટલ કંપનીમાં સફાઈ કામ કરે છે. અને ૬૦૦૦ રૂ. મળે તેનાથી ગુજરાન ચલાવે છે. તેઓ સખી મંડળમાં પણ જોડાયેલા છે અને દર મહિને ૧૦૦ રૂ. બચત કરે છે. મહેનત કરી દીકરાને સાદગીથી પરણાવિયો.

લોકડાઉનના કારણે તે કામે જતા હતા તે કંપની બંધ

છે. તેમનો દીકરો અડધો દિવસ આઈસર ચલાવે છે. ૮૦૦૦ રૂ. મળે છે. તેનો ખર્ચ કરતા ૨૦૦ રૂ.ની બચત કરે છે. તેને પણ નાની દીકરી છે. વહુ ઘરકામ કરે છે. દીકરીને સાચવે છે. કોરોનાની પરિસ્થિતિમાં ઘર નાનું હોય તો ઘરમાં અંતરથી રહેવું મુશ્કેલ છે વળી, ઘરમાં ને ઘરમાં હોવાથી અને મહામારીથી બચવા પાણીનો વપરાશ પણ વધ્યો, અને કામ પણ વધ્યું. ખોરાકમાં થોડો બદલાવ આવ્યો છે. ઘણીવાર શાક ના હોય તો દાળ બનાવીએ, છાસ, કઢી બનાવી ખાઈ લઈએ. રાત્રે વઘારેલી ખીચડી કે ડુંગળીનું શાક, રોટલો, ચટણી પણ ખાઈને ચલાવી રહ્યા છીએ. હવે આ રોગ ક્યારે જશે ? અમને ખાવા, પીવામાં થોડી તકલીફ પડી હતી. પણ ગામની દુકાનમાં નામુ ચાલતું હતું તેથી કરિયાણું બાકીમાં લાવતા. રાશનકાર્ડ દ્વારા રાશન મળ્યું. અને રૂડીબેન દ્વારા એક રૂડીની કીટ પણ મળી તેમાં તેલ, ચોખા, ખાંડ, ચા, દાળ, મસાલા હતા. જશોદાબેન લોકડાઉનમાં ઘરમાં કરકસર કરીને જીવન ગુજારતા.

જશોદાબેને વાત કરતાં કહ્યું હાલ ગામમાં પાણીની તકલીફ નથી. પણ કોવિડ-૧૯ના કારણે ઘરની સફાઈ, ન્હાવા ધોવા, તેમજ વારંવાર સાબુથી હાથ ધોવા વિગેરેમાં પાણીનો વપરાશ વધી ગયો છે. ગામમાં બહુ કડક વલણ છે. બહારના અંદર આવવા નથી દેતાં. સરપંચભાઈ અને મહોલ્લે આગેવાન ભાઈબહેનો છે. તેઓ ધ્યાન રાખે છે. આપણા નર્સબેન ભૂમિકાબેન, જાગૃતિબેન પણ સેવામાંથી કોરોના વિડીયો, પોસ્ટર બધાને બતાવી જાગૃતિ લાવે છે. આશાબેન પણ ઘરે દવા આપે છે. ઘરમાં કોઈ બીમાર નથી. ક્યારેક મને કાનમાં કોઈ વાર દુખાવો થાય છે. અમારી પાસે ખેતી કે પશુપાલન નથી. અમે ઘરમાં શાંતિથી રહીએ છીએ. આ લોકડાઉન ક્યારે પતશે ? આ રોગ ક્યારે ખતમ થશે ? આનાથી ઘણાં લોકોનું જીવન જીવવું મુશ્કેલ થયું છે.

❑

# હાશુંબેનની હાશ

૨૦૦૧માં ભૂકંપ આવ્યો ત્યારે અમારા ગામમાં સેવા સંગઠનની બહેનો સર્વે કરવા આવ્યા. અને આ કામમાં હું જોડાઈ. અને ગામની માહિતી લાવતી. મારું નામ હાશું. મારા ઘરવાળા હયાત નથી. ઘરમાં અમે દીકરો વહુ, પૌત્ર-પૌત્રી મળીને ૩૫ સભ્યો છે. મારે ચાર દીકરી, તેમના લગ્ન કરી દીધા. બધાનું ભરણપોષણ કરવા જ્યાં કામ મળે ત્યાં જતી હતી. હું સેવામાં પહેલા દ્વાકરા જૂથમાં જોડાય હતી. ગામની આગેવાન બહેન તરીકે કામ કરતી. અમે બધા આજુબાજુના ગામડાના બહેનો માટે ભરતકામ લઈ જતા અને ઓફિસમાં જમા કરાવતા. ક્યારેક ગામથી ચાલીને પણ આવતા હતા. ક્યારેક સાધન પણ ના મળે આવી રીતે કામ કરતા હતા. ધીરે ધીરે સેવાની બધી મીટીંગોમાં પણ જવા લાગી. સેવા પાણી ઝુંબેશમાં પણ જોડાઈ અમારા ગામમાં પાણીની તકલીફ મે પાણીની તાલીમ લીધી હતી. વરસાદી પાણી સંગ્રહ કરવા પાણીના ભૂગર્ભ ટાંકા બનાવતા. જુદા જુદા ગામોમાં ભૂગર્ભ ટાંકા માટેનો સામાન આવતો તે પહોંચાડતી. ટાંકાનું કામ ચાલું હોય ત્યારે તે કામ બરાબર ચાલે છે કે કેમ તેનું ધ્યાન રાખતી. આ કામનો રીપોર્ટ આપતા પણ હું ભણેલા નોતી એટલે અમારા સેવાના સેન્ટર પર આવી રીપોર્ટ લખાવતી. મે મારી દીકરી નાથીને થોડું ભણાવી હતી તેને સેવામાં જોડી. તકલીફ વેઠી છોકરાને ભણાવ્યો. છોકરો સૌથી નાનો હતો, હેરાન પણ બહુ કરતો. છોકરા સારું ઘણું દુખ વેઠ્યું.

શરૂઆતમાં મારી આવક ૨૦૦૦ જેટલી હતી, મારી છોકરીઓ સેવામાંથી કામ મેળવી ભરતકામ અને સિલાઈ કામ કરતી થઈ. અમારા બધાની આવક ૧૦,૦૦૦ હજાર જેવી થવા લાગી. દીકરો કમાતો થઈ ગયો એટલે લગ્ન કરવી દીધા. વહુ પણ આશાવર્કર છે. હું પતે સિલાઈનું કામ કરુ છું પણ પહેલા ઘણી તકલીફો વેઠી. હવે ઘણી હાથ છે.

પણ હાલમાં કોરોના મહામારીમાં છોકરો ઘરે બેઠો છે. એ બહાર જઈ શકતો નથી. એટલે મુશ્કેલી પડે છે લોકડાઉનમાં નાસીપાસ થઈ ગઈ. સેવા સંગઠનમાં છું તેથી કામમાંથી ઘણી હિમ્મત મળી. વળી સેવામાંથી માહિતી મળતા સરકારી યોજનાનો લાભ લીધો. જેમ કે સરકારી વિધવા સહાય, જનધન અને બી.પી.એલ. કાર્ડમાં પૈસા જમા થયા અને રાશનકાર્ડ પર રાશન મળ્યું એટલે રાહત થઈ. હવે બધુ બરાબર છે.

**- ભારતી ભાવસાર**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-7-2020

**અનસૂયા**

- ૩૮માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-7-2020

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001